RTE/બીજો રાઉન્ડ
જા.ન/પ્રાથમિક/RTE/૨૦૨૫/ 6198

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૧/૦૫/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગર પાલિકા વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ.

વિષય:- RTE અંતર્ગત વર્ષ-૨૦૨૫-૨૬ માટે બીજા રાઉન્ડનાં પ્રવેશ ફાળવણી બાબત.
સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા..૦૬/ચ તા.૦૪/૦૮/૨૦૨૦

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત મફત પ્રવેશ વર્ષ:-૨૦૨૫-૨૬ માટે બીજા રાઉન્ડમાં ધોરણ-૧ માં કાયમી પ્રવેશ ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૫ નાં રોજ ઓનલાઈન ફાળવવામાં આવેલ છે. જે શાળામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવે તેવી શાળાઓએ મફત પ્રવેશ અંગેની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. વાલીઓએ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૨૮/૦૫/૨૦૨૫ સુધીમાં ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. ઓનલાઈન ફાળવેલ પ્રવેશની પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવે છે. જેની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

- જે બાળકોને ઓનલાઈન પ્રવેશ મળશે તેની જાણ વાલીઓને SMS થી થશે. વાલીઓએ એપ્લીકેશન નંબર તથા બાળકની જન્મ તારીખ દ્વારા http://rte.orpgujarat.com વેબસાઇટ ઉપરથી પ્રવેશપત્ર (ADMIT CARD)ની પ્રિન્ટ મેળવી જરૂરી અસલ આધારો સાથે સમયમર્યાદામાં ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
- સબંધિત શાળાએ વિદ્યાર્થી/વાલી પ્રવેશપત્ર ADMIT CARD લઈને આવે ત્યારે પોતાના લોગઈનમાં જઈ શાળામાં ફાળવેલ બાળકના નામ સામે ક્લિક કરી ભરેલ માહિતી સાથે અસલ આધારોની ચકાસણી કરી ADMIT બટન પર ક્લિક કરી રીસીપ્ટ બટન પર ક્લિક કરવું. જેથી એડમીશન પૂર્ણ થયા બાદ સંસ્થા વાલી માટે રીસીપ્ટ જનરેટ થશે તેની પ્રિન્ટ લઇ વાલીને અચૂક આપવાની રહેશે.
- ADMIT બટન પર ક્લિક નહિ કરી હોય તો તે જગ્યા ખાલી છે તેમ સમજી અન્ય રાઉન્ડમાં એ જ જગ્યા માટે અન્યને ફરીથી પ્રવેશ ફાળવી દેવામાં આવશે એટલે એક સીટ ઉપર બે પ્રવેશ થશે. જો આ રીતે ૨૫% થી વધારે પ્રવેશ થશે તેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે શાળાએ પૂરતી કાળજી લેવાની રહેશે.અન્યથા આ બાબતે જે તે શાળાની જવાબદારી નક્કી કરવામાં આવશે.
- સબંધિત શાળાઓએ શાળામાં જવાબદાર વ્યક્તિને આ કામગીરી સુપ્રત કરી શાળા સમય દરમ્યાન શાળા તથા પ્રવેશ શરુ રાખવાનાં રહેશે. દરેક શાળાએ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ લેવા આવનાર વિદ્યાર્થી/વાલી જોઈ શકે તે રીતે નોટીસ બોર્ડ પર શાળાનો સમય, પ્રવેશની કામગીરી સંભાળતા કર્મચારીનું નામ મુકવાનું રહેશે.
- શાળાએ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવા અંગે શંકા જણાય તો તાત્કાલિક જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરતનો સંપર્ક કરવો. જો કોઈ સંજોગોમાં વાલી શાળામાં પ્રવેશ માટે આવ્યા ન હોય તો શાળાનાં લોગઈનની યાદીમાંથી વાલીનો સંપર્ક નંબર મેળવી સમયમર્યાદામાં પ્રવેશ મળી રહે તે માટે સહાયભૂત થવું.
- સંદર્ભદર્શિત-૧નાં ઠરાવની જોગવાઈઓ અને અન્ય નિયમોનું પાલન કરવાનું રહેશે.

આમ, આપની શાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થી અને વાલી આવે ત્યારે તેમને સંપૂર્ણ સાથ સહકાર આપવાનો રહેશે અને વિના વિલંબે પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે. RTE હેઠળ ફાળવેલ વિદ્યાર્થી કે તેમના વાલી પાસેથી કોઈ પણ પ્રકારની ફી વસુલ કરવાની નથી. RTE હેઠળ પ્રવેશની જોગવાઈ તમામ શાળાઓને (લઘુમતી શાળાઓ સિવાય) લાગુ પડતી હોવાથી પ્રવેશ માટે કોઈ પણ શાળા ના પાડી શકશે નહિ. જેની નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**ટોચ અગ્રતા,**
**E-MAIL**

ક્રમાંક:પ્રાશિનિ/RTE/પ્રવેશ/૨૦૨૫/૬૦૨-૬૪૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોકનં.૧૨/ ૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,**તા.૨૧/૦૫/૨૦૨૫**

**પ્રતિ,**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, **તમામ**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, **અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર,** જામનગર

**વિષય:-** RTE અંતર્ગત વર્ષ ૨૦૨૫--૨૬ માટેનાં બીજા રાઉન્ડનાં પ્રવેશ ફાળવણી બાબત.
**સંદર્ભ:-** ૧. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા..૦૧/ચ તા.૦૪/૦૮/૨૦૨૦
૨. શિક્ષણ વિભાગનો પત્રાંક: **ED/MIS/e-file/3/2025/1367/CH**, તા. ૧૩/૦૩/૨૦૨૫
૩. અત્રેની કચેરીનો પત્રાંક: પ્રાશિનિ/RTE /પ્રવેશ/૨૦૨૫/૪૪૭-૪૯૧, તા. ૨૮/૦૪/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત વિનામૂલ્યે પ્રવેશ વર્ષ:- ૨૦૨૫-૨૬ માટે બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા તા.૨૧/૦૫/૨૦૨૫નાં રોજ ઓનલાઈન કરવામાં આવેલ છે. જે શાળામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવેલ છે તેવી શાળાઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને શાળા દ્વારા પ્રવેશ આપવાની કાર્યવાહી તા. ૨૮/૦૫/૨૦૨૫, બુધવાર સુધી નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે તે અંગેની તમામ સુચનાઓ આપની કક્ષાએથી તમામ શાળાઓને આપવાની રહેશે.

ઓનલાઈન ફાળવેલ પ્રવેશની પ્રક્રિયા અંતર્ગત શાળા ખાતે પ્રવેશ નિયત કરાવવાની કામગીરી સરળતાથી પૂર્ણ થાય તે માટે અગાઉ અત્રેની કચેરીના સંદર્ભ-૩ દર્શિત પત્રથી આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઈ તેની અમલવારી આપની કક્ષાએથી તેમજ શાળા દ્વારા થાય તે અંગે સબંધિત શાળાઓને તા. ૨૧/૦૫/૨૦૨૫ સાંજ સુધીમાં સુચિત કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

- **સવિનય નકલ રવાના (જાણ સારૂ):**
  - અંગત મદદનીશશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
  - અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
  - અંગત મદદનીશશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ,રા.ક)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
  - માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક નં:૫, સચિવાલય, ગાંધીનગર